सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ: ૧૭ | એપ્રિલ ૧૯૯૭ | અંક: ૪

## વાલીઓને ......

**કોમ્પ્યુટર વર્ગો :**

જૂન ૧૯૯૭ થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે કોમ્પ્યુટર વર્ગો શરૂ થશે.

શ્રેણી ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ શકશે. એક બેચમાં ૨૦ વિદ્યાર્થીઓ રહેશે.

શ્રેણી ૧ થી ૪ ના વિદ્યાર્થીઓને અભ્યાસપૂરક પ્રવૃત્તિ આપી તેઓ પણ આ ક્ષેત્રથી પરિચિત થઈ શકશે.

લાંબા ગાળાના આ કાર્યક્રમ ઉપરાંત વેકેશનમાં જેઓ અન્ય રીતે કોઈ પ્રવૃત્તિમાં ન જોડાયા હોય તેઓ માટે પણ આ સુવિધા ઉપલબ્ધ થશે. વેકેશનમાં ૨૧મી એપ્રિલથી ખાસ વર્ગો ચાલુ થશે. જેના ફોર્મ ઉપલબ્ધ છે.

આ આયોજનમાં જાગૃત વાલીઓનો અમને ખૂબ જ સહકાર મળ્યો છે તે બદલ તેમનો આભારી છું.

**ગણવેશ અંગે :**

શાળાએ નક્કીકરેલા ગણવેશમાં વાલીઓને સુવિધા રહે તે હેતુથી વેકેશન દરમ્યાન સંસ્થાના સહકારી સ્ટોરમાંથી તે ઉપલબ્ધ થશે.

બુટ અને મોજામાં એકવાક્યતા સચવાઈ રહે તેમ જ ખૂબ જ મોંઘા બૂટનો વધતો જતો વપરાશ જોતાં તે અંગેનું નિયમન ગયા વર્ષથી મૂક્યું હતું. આ અંગે જણાવવાનું કે નક્કી કરેલા રંગના કેનવાસના બુટ અને મોજાં પહેરવાના રહેશે. તે પણ ઉપરોક્ત સ્ટોરમાંથી ઉપલબ્ધ બનશે.

આ અંગે ખાસ સ્પષ્ટતા કરવાની કે ઉપરોક્ત વેચાણ વ્યવસ્થા વાલીની સુવિધા ખાતર જ છે અને અન્ય કોઈ સ્થળેથી પણ વાલી ખરીદે તેમાં કોઈ જ હરકત નથી.

**સંસ્થાના ૭૫ મા સ્થાપનાદિનની ઉજવણી :**

આગામી ઓગસ્ટ '૯૭ માં શ્રાવણ સુદ સાતમના રોજ સંસ્થાનો ૭૪ મો સ્થાપનાદિન આવે છે અને તે દિવસથી પૂરા એક વર્ષ માટે ૭૫મા સ્થાપનાદિનની ઉજવણી માટે શૈક્ષણીક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે તે આ અગાઉ આપને જણાવ્યુ છે.

પ્રસંગને અનુલક્ષીને તે કાર્યક્રમ અંગે આપના સૂચનો અમને મદદરૂપ થશે. સાથે સાથે હીરક મહોત્સવ ટાણે " સ્મરણિકા" નું આયોજન કર્યું હતું તેવું ભૂતકાળના સ્મરણો વિશે પૂરતો સમય મળી રહે તે માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પણ નિમંત્રણ પાઠવતાં આનંદ થાય છે. સંકલન માટે પૂરતો સમય મળી રહે તે માટે સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તે વેળાસર આપે તેવી વિનંતી છે.

ઇન્દુભાઈ દવે
નાં વંદન

## સુવિધાનો સદુપયોગ કે દુરૂપયોગ ?

" મમ્મી, આજે મારે જમવું નથી ... " " કેમ શું થયું છે ? જે ભૂખ હોય તે ખાઈ લે.. કાંઈ ભૂખ્યા સ્કુલમાં જવાય ? ... " " પણ મમ્મી, મને પેટમાં બહુ દુઃખે છે " " તો થોડા દાળભાત ખાઈ લે ... ને જો હું તને દવા પણ આપું છું..એટલે તને પેટમાં દુઃખતું મટી જશે.."

" પણ મમ્મી પછી મને સ્કુલમાં દુઃખશે તો !" ... ને એમ કહેતાં તો નિર્મિતા રડી પડી..

પણ મમ્મીનો આગ્રહ તો સ્કુલમાં મોકલવાનો જ હતો..

" ગેરહાજરી ન પૂરાય ? ખાલી સ્કુલ પાડીને શું કરવાનું ? પછી ભણવાનું ન બગડે ? આગળ ચાલી જાય એ પછી એને આવડે કેવી રીતે ?.. ને નહીં તો પણ નિયમિત રીતે સ્કુલમાં જવાની ટેવ તો બાળકને નાનપણથી પાડવી જ જોઈએ ને ! ..." નિર્મિતાના મમ્મીના મગજમાં પણ અનેક પ્રશ્નો હતાં અને એટલે એમણે રસ્તો કાઢ્યો " જો દિકરા... તને દવા આપી છે એટલે હવે પેટમાં દુઃખતું મટી જશે, અને છતાં ય કંઈ થાય તો સ્કુલમાંથી ફોન કરજે હું તરત તને લેવા આવીશ બસ !"

ને આખરે નિર્મિતાએ અસ્વસ્થ તબીઅતે અને અસ્વસ્થ ચિત્તે પણ સ્કુલમાં આવવું જ પડયું , પણ હજી તો પહેલો પિરીયડ પણ પૂરો થયો નથી ત્યાં તો તેની બેચેની વધી. દુઃખાવાની દવા લીધી હતી એટલે થોડી ઊંઘ આવવા માંડી, માથું ભારે થવા માંડયું. ત્રીજા ધોરણમાં ભણતી આટલી નાની નિર્મિતા ... આ પ્રતિકૂળ સંજોગોમાં કેવી રીતે ટકી શકે? મમ્મીના શિસ્ત માટેનાં આગ્રહને કારણે એ કશું કહી ન શકી પણ વર્ગમાં તો તેની પરિસ્થિતિ વધુ નાજુક બની ગઈ ને આખરે તેના બેને તેને ઓફિસમાં ફોન કરવા મોકલી..તેને ઘેર પાછી મોકલવી જ પડી.

બાળકની તબીયત અસ્વસ્થ હોય છતાં તેને સ્કુલમાં મોકલવાનો આ આગ્રહ કયારેક તો અનેક પ્રકારની મુશ્કેલીઓ ઊભી કરે છે. કયારેક ટેલીફોન જ બગડેલો હોય ત્યારે બાળકનું શું ? એને ઘેર મોકલવાની વ્યવસ્થા કરવી એ પણ એટલું જ મુશ્કેલ બને છે. ટેલીફોન બગડેલો ન હોય ત્યારે પણ એક ફોન જોડવા પાછળ પણ સારો સમય જાય છે, એ તો સૌનો અનુભવ છે જ , અને રોજના આવા આટલા ફોન કરવાનાં થાય ત્યારે સમય શકિતનો કેટલો વ્યય થાય તે આપણે વિચારીએ છીએ ખરાં!.. નાણાનાં વ્યયને તો કદાચ ન વિચારીએ પણ એ વ્યવસ્થા જાળવવી એ પણ ઘણું મુશ્કેલ બની જાય છે. ને છતાં ય બાળકને મુશ્કેલીમાં મૂકવું કે એને નિઃસહાય કે લાચાર બનતું જોઈ શકાતું નથી અને એટલે લગભગ આખો દિવસ આ મથામણ લગભગ રોજનો નિત્યક્રમ બની ગયો છે.

એટલે જ મારા મનમાં કયારેક પ્રશ્ન ઊઠે છે, શું બાળકને ગમે તેવી તબીયત હોય તો પણ સ્કુલમાં મોકલવું અનિવાર્ય જ છે ? એકાદ દિવસ એની જવાબદારી વાલી તરીકે આપણે ન સંભાળી શકીએ ! અસ્વસ્થ તબીયત હોય તો આપણે ય કામમાં ધ્યાન નથી આપી શકતાં તો આટલું નાનું બાળક અસ્વસ્થ તબીયતે ભણવા જેવું કામ તો કયાંથી કરી શકે ? અને સ્કુલમાં ફોનની સગવડ છે તેનાં સદુપયોગને બદલે એ સુવિધાનાં દુરૂપયોગ સુધી પહોંચવા જેટલો હઠાગ્રહ આપણે કેમ રાખીએ છીએ !

**ઊર્મિલા શાહ**

## સફળતાનું રહસ્ય

ઘણા માણસો ફરિયાદ કરતા હોય છે કે , " અમે તનતોડ મહેનત કરીએ છીએ છતાં અમારું કામ સફળ થતું નથી. કામમાં અમે વિજયી નીવડતા નથી" જ્યારે અમુક વ્યકિત જે કામ હાથમાં લે છે , તેમાં તે સફળ થાય છે જ. આમ કેમ બનતું હશે ?

આનો જવાબ સહેલો છે. નિષ્ફળતાની વાત કરનાર વ્યકિત સૌ પ્રથમ તો તેમના મનથી આશાવાદી નથી હોતી. તેમણે હાથ પર લીધેલા કાર્યમાં પોતે વિજયી નીવડશે જ એવી તેમને પોતાને ખાતરી હોતી નથી. વિજયી નીવડવા આશાવાદી બનવાની સાથે સાથે આત્મશ્રધ્ધાનું બળ કેળવવું પણ એટલું જ જરૂરી છે.

બીજી વાત. તમે જે કામ હાથમાં લો. તેને સારી રીતે કરવાની ટેવ પાડો. જે વ્યકિત બાળપણથી પ્રત્યેક કામ સારી રીતે કરવાનું શીખે છે અને સારી રીતે કામ પાર ન પડે ત્યારે જેને સંતોષ થતો નથી, તેવી જ વ્યકિત તેના કામમાં સફળ બને છે, એમાં સહેજ પણ શંકાને સ્થાન નથી.

'સારી રીતે' કામ કરવું એટલે કે જેમતેમ વેઠ ઉતારવા જેવી રીતે કામ પૂરું કરવું એ નહિ પણ કામના પ્રકારને સમજી, કામમાં સંપૂર્ણ રીતે રસ લઈ, તેને પ્રેમપૂર્વક પૂરું કરવું તે. સારી રીતે કામ કરવાની જેમણે બાળપણથી જ ટેવ પાડી હોય છે, તેઓ જીવનમાં સફળ થયા વિના રહેતા નથી.

એકાગ્રતા પણ સફળતા મેળવવા માટે જરૂરી છે.

જે વિદ્યાર્થી નાનપણથી જ મન દઈને અભ્યાસ કરે છે, તે પરીક્ષામાં પાસ થયા વિના રહેતો નથી.

જે વ્યકિત મન દઈને કામ કરે છે, તેનું પ્રત્યેક કામ દીપી ઊઠે છે. બાળપણથી જ જેને આવું કામ કરવાની ટેવ પડી હોય, એને કોઈ વાતની ચિંતા કરવાની જરૂર રહેતી નથી. તે તેની નિષ્ઠા અને કાર્યશકિતના બળે જીવનમાં જરૂર સફળતા પ્રાપ્ત કરશે જ.

તમે કદી એવી કોઈ વ્યકિત જોઈ છે ખરી, જે બાળપણથી એકચિત્તે કામ કરતી આવી હોય અને તે નિષ્ફળ નીવડી હોય ? તમને આવી કોઈ જ વ્યકિત જોવામાં નહિ આવે.

સફળતાના શિખરે પહોંચેલી વ્યકિતઓના જીવનમાં ડોકિયું કરતાં એ વાત સિધ્ધ થાય છે કે તેઓ કોઈ કામને નાનું અને મહત્વ વગરનું સમજતા નથી. નાના નાના કામમાં પણ મન પરોવી તેઓ તે કરતા આવે છે. પ્રત્યેક કામ કરતી વખતે હાથ પર લીધેલા કાર્યમાં જ તેઓ તન્મય બની જાય છે અને દુનિયાને ભૂલી જાય છે; સમયનું પણ તેમને ભાન નથી રહેતું. આવી વ્યકિતઓ સફળતા મેળવે એમાં શી નવાઈ ?

સંકલન

## સંસ્થાનું ગૌરવ

સંસ્થાના ભૂતપૂર્વ વાલી અને શુભેચ્છક શ્રી રાજેન્દ્રભાઈ વી. શાહને તા.૧૫મી ઓગષ્ટ ૧૯૯૬ સ્વતંત્રતાની ૫૦ વર્ષની સુવર્ણ જયંતિ દિને અમદાવાદ મહાનગરપાલિકાના માનનીય શ્રી નંદલાલ વાઘવાજીના શુભહસ્તે પ્રશંસાપાત્ર અને રૂ. ૧૦૦૦ / નું ઈનામ એમની ઉત્કૃષ્ટ સેવાને બિરદાવવા મળ્યાં છે તે માટે સંસ્થા ગૌરવ અનુભવે છે ને તેમને ધન્યવાદ પાઠવે છે.ઈશ્વર તેમને તંદુરસ્તીભર્યું દિર્ઘાયુ બક્ષે અને એમની ઉત્કૃષ્ટ અને સંન્નિષ્ટ સેવાઓનો લાભ સમાજને વધુને વધુ મળતો રહે તવી શુભેચ્છા.

સંસ્થાના સંગીત શિક્ષિકા શ્રી પ્રતિમાબેન ત્રિવેદીનું વડોદરાની ત્રિવેણી સંસ્થાએ તા.૨૭-૩-૯૭ ના રોજ સંગીતના મૂર્ધન્ય કલાકાર તરીકે બહુમાન કર્યું છે. તે માટે સંસ્થા ગૌરવ અનુભવે છે. શ્રી પ્રતિમાબેનને ઈશ્વર તંદુરસ્તીભર્યું દિર્ઘાયુ બક્ષે અને સંગીતની સાધનામાં હજી સિધ્ધિના શિખરો સર કરે તેવી શુભેચ્છા.

## સંસ્થાકીય સમાચાર

### બાલમંદિર

તા.૨૫-૧-૯૭ ને શનિવારે તાલીમ મંડળીના બાળકો માટે વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવી. લગભગ ૧૧૦ બાળકોએ બહુ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. બાળકો તેમની આસપાસની દુનિયાનું ખૂબ સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરતાં હોય છે અને એ નિરીક્ષણ પછી કયારેક એમાંથી કેટલાંક પાત્રોનું અનુકરણ ખૂબ સરસ રીતે કરી શકે છે. ઉગતા બાળકોને પાત્રની પસંદગી અને તેને અનુરૂપ અભિવ્યકિત માટે તૈયાર તો કરવા જ પડે ને તે માટે માબાપ મહેનત પણ સારી કરે છે પણ એ બધાંની ફલશ્રુતિ આવા કાર્યક્રમોમાં ઉપસી આવે છે.સ્વામી વિવેકાનંદનું પાત્ર , આટલા નાના બાળકે જે રીતે રજૂ કર્યું હતું તે સાચે જ ધન્યવાદને પાત્ર હતું. આ ઉપરાંત ડોશીમા, મકાનનો દલાલ, ગોર મહારાજ, ઝાંસીની રાણી, દલા તરવાડી, ગાંધીજી , મીરાંબાઈ, શિક્ષક વિગેરે પાત્રો ભજવનાર બાળકો પણ અભિનંદનને પાત્ર છે. આટલાં નાના બાળકોએ અસરકારક રીતે અભિનય કર્યો ને આખો ય કાર્યક્રમ એક યાદગાર સંભારણું બની ગયો. નિર્ણાયક તરીકે સંસ્થાના કો.ઓર્ડિનેટર શ્રી ઊર્મિબેન તથા સંસ્થા સાથે સંકળાયેલાં શ્રી પૂર્ણાબેન મહેતાએ સેવા આપી. શ્રી પૂર્ણાબેન તરફથી ભાગ લેનાર બધાં જ બાળકોને સંસ્થા તરફથી તૈયાર કરવામાં આવેલ ધોરણ પહેલા અને બીજાનાં કાવ્યોની કેસેટ ભેટ આપવામાં આવી. શ્રી પૂર્ણાબેન તરફ આભારની લાગણી વ્યકત કરું છું.

તા.૩૦-૧-૯૭ ને ગુરુવારે તાલીમનાં બાળકોએ વિશાલાનો પ્રવાસ માણ્યો,કઠપૂતળીનો ખેલ જોવો બાળકોને ખૂબ ગમે છે. વિશાલાનાં ગ્રામ્ય વાતાવરણમાં બાળકો ખૂબ ખેલ્યાં કૂદયાં ને આનંદ માણ્યો.

તા.૨૨-૨-૯૭ ને શનિવારે તાલીમનાં બાળકો મીની-ઝૂ ની મુલાકાતે ગયાં. બાળકોને પ્રાણીઓની દુનિયા નિહાળવી ખૂબ ગમે છે.

તા.૨૦-૨-૯૭ ને ગુરુવારે તાલીમના બાળકોની ચિત્ર હરીફાઈ રાખવામાં આવી. આટલા નાના બાળકોએ પણ રંગ અને રેખાથી તેમની અભિવ્યકિત સરસ રીતે રજૂ કરી.

તા.૧૧-૩-૯૭ ને મંગળવારે તાલીમના બાળકોની સુલેખન સ્પર્ધા યોજાઈ. બાળકો બાળમંદિરના મુકત વાતાવરણમાં વિવિધ પ્રવૃત્તિઓ તો કરે જ છે પણ સાથે સાથે અક્ષરજ્ઞાન અક્ષરલેખન વિ. ક્ષેત્રે પણ પાપા પગલી સાહજીક રીતે જ શરૂ કરે છે. સુલેખન સ્પર્ધામાં તેમની આ ક્ષેત્રની સિધ્ધિ પણ સ્પષ્ટ રીતે વ્યકત થાય છે. બાળકનાં વ્યકિતત્વનાં સર્વાંગી વિકાસ સાથે અભ્યાસ પ્રત્યેની અભિરૂચિ કેળવાય એ અમારે માટે મહત્વનું છે.

તાલીમનાં બાળકોને સ્વ.ભાઈ શાલિન સુરેશભાઈ જોષીની પુણ્યસ્મૃતિરૂપે ' બાળકોનું પંચતંત્ર ' પુસ્તક ભેટ આપવામાં આવ્યાં. ભાઈ શ્રી સુરેશભાઈ જોષી તરફ આભારની લાગણી વ્યકત કરું છું.

વેકેશનમા આપનાં બાળકને એને મનપસંદ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત રાખશો. બાળક સતત રીતે પ્રવૃત્તિ ઝંખે છે. ખેલવું, કૂદવું, મિત્રો સાથે હળવુંમળવું અને મનગમતી પ્રવૃત્તિઓ બાળકને પ્રસન્ન રાખે છે.

---

ઘરમાં રહેલું નાનું પુસ્તકાલય જે દર વરસે મોટું થતું જાય એ માણસની પ્રગતિનો એક ભાગ કહેવાય. પુસ્તકાલય એ મોજશોખની વસ્તુ નથી, પણ ખોરાકની જેમ એ પણ જીવનની એક જરૂરીયાત છે.

હેનરી બીચર

# શિશુમંદિર

## આંતરગૃહ સ્પર્ધાઓ

**અલ્પના :** ૨૭-૧૨-૯૬

| | | |
|---|---|---|
| પ્રથમ : | સ્તુતિ શાહ | ( મેઘનાદ ) |
| દ્વિતીય : | રાજવી શાહ | ( મેઘનાદ ) |
| | મીનુ જોષી | ( રત્નદીપ ) |
| તૃતીય : | રાજીતા મુનશી | ( ગંગોત્રી ) |
| | નેહા દવે | ( ધવલગિરિ ) |
| | શીતલ શાહ | ( રત્નદીપ ) |

નિર્ણાયક તરીકે શ્રી ગાયત્રીબેન પટેલ તથા માનુષી શાહે સેવા આપી.

**અભિનંદન કાર્ડ સ્પર્ધા : ૩૦-૧૨-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમ : | ઋતુ પ્રજાપતિ | ( રત્નદીપ ) |
| દ્વિતીય : | રાજીતા મુનશી | ( ગંગોત્રી ) |
| | સ્તુતિ શાહ | ( મેઘનાદ ) |
| તૃતીય : | હર્ષિલ શાહ | ( ગંગોત્રી ) |
| | માનસી પરીખ | ( ધવલગિરિ ) |

**પતંગ બનાવવાની સ્પર્ધા : ૮-૧-૯૭**

| | | |
|---|---|---|
| પ્રથમ : | નૈષલ શાહ | ( મેઘનાદ ) |
| દ્વિતીય : | હેલી સોમાણી | ( ગંગોત્રી ) |
| તૃતીય : | હેરીના શાહ | ( મેઘનાદ ) |
| | કામેશ વ્યાસ | ( ધવલગિરિ ) |

**ગજરા બનાવવાની સ્પર્ધા : ૧૦-૧-૯૭**

| | | |
|---|---|---|
| પ્રથમ : | સ્તુતિ શાહ | ( મેઘનાદ ) |
| દ્વિતીય : | ઋચા દેસાઈ | ( ગંગોત્રી ) |
| | હેલી સોમાણી | ( ગંગોત્રી ) |
| તૃતીય : | શીતલ શાહ | ( રત્નદીપ ) |
| | રાજીતા મુનશી | ( ગંગોત્રી ) |

**ઓરેગામી સ્પર્ધા : ૧૦-૧-૯૭**

| | | |
|---|---|---|
| **પ્રથમ :** | **શ્રીજય શેઠ** | ( ધવલગિરિ ) |
| દ્વિતીય : | મહર્ષિ ત્રિવેદી | ( મેઘનાદ ) |
| તૃતીય : | હર્ષ પરીખ | ( રત્નદીપ ) |
| | ભાવિન સરખેદી | ( ધવલગિરિ ) |

**આઈસ્કીમ ચમચીમાંથી નમૂનો બનાવવાની સ્પર્ધા : ૧૭-૧-૯૭**

| | | |
|---|---|---|
| પ્રથમ : | ઋતુ પ્રજાપતિ | ( રત્નદીપ ) |
| દ્વિતીય : | નેહા દવે | ( ધવલગિરિ ) |
| તૃતીય : | રાજીતા મુનશી | ( ગંગોત્રી ) |
| | જેષા શાહ | ( રત્નદીપ ) |
| | રૂચિલ શાહ | ( ધવલગિરિ ) |

**ફેબ્રીક પેઈન્ટીંગ સ્પર્ધા : ૨૫-૧-૯૭**

| | | |
|---|---|---|
| પ્રથમ : | હેલી સોમાણી | ( ગંગોત્રી ) |
| દ્વિતીય : | સજની શાહ | ( રત્નદીપ ) |
| | સ્તુતિ શાહ | ( મેઘનાદ ) |
| તૃતીય : | નેહા મકવાણા | ( ધવલગિરિ ) |
| | બિલંદી પરીખ | ( રત્નદીપ ) |

ધો. ૩ તથા ૪ માટે પણ સુગમ સંગીત સ્પર્ધા તથા પતંગ બનાવવાની સ્પર્ધાઓ યોજાઈ.

**સૌ વિજેતા ભાઈબહેનોને અભિનંદન.**

**રમતોત્સવ :** તા.૨૨-૧-૯૭ ના રોજ ધો.૫,૬,૭ નો રમતોત્સવ યોજાયો. કબડ્ડી, લંગડી, ડોઝબોલ, જમ્પ એન્ડ રીચ, લોંગજમ્પ, ખડો લંગડી, કૂદકો, વિઘ્નદોડ, સાદી દોડ જેવી વ્યકિતગત અને સાંઘિક રમતોની સ્પર્ધાઓ યોજાઈ.

તા.૨૨-૧-૯૭ નાં રોજ ધોરણ ૧ થી ૪ નો રમતોત્સવ યોજાયો. મસ્ત આસન , ડોલ દડો, સંગીત ખુરશી, વસ્ત્ર ઓળખ, બૂટની દોરી બાંધવી, કેટલા રે કેટલા, માથે કળશ દોડ, લીંબુ ચમચો, સોયદોરો, સેરગુંથણી, ત્રિપગી દોડ, પીપરમીંટ શોધ, લંગડી દોડ, સાદી દોડ જેવી સ્પર્ધાઓ યોજાઈ.

વર્ષ દરમ્યાન યોજાયેલી આંતરગૃહ સ્પર્ધાઓમાં ગૃહોનો ક્રમ નીચે મુજબ રહ્યો છે. પ્રથમ - રત્નદીપ
દ્વિતીય - ધવલગિરિ
તૃતીય - ગંગોત્રી
ચતુર્થ - મેઘનાદ

**વિજેતા ભાઈબહેનોને અભિનંદન.**

**પ્રવાસ :-** ધોરણ ૪ માટે તા.૯-૧-૯૭ થી ૧૦-૧-૯૭ પાલીતાણાનો પ્રવાસ , ધોરણ ૩ માટે તા.૧-૨-૯૭ નાં રોજ પાટણ-મોઢેરાનો પ્રવાસ, ધોરણ ૨ માટે તા.૨૮-૧-૯૭નાં રોજ તારંગાનો પ્રવાસ અને ધોરણ ૧ માટે તા.૧૦-૨-૯૭ ના રોજ આજવા નિમેટાનો પ્રવાસ યોજાયો.

**શહીદ દિન:-** તા.૩૦-૧-૯૭ નાં રોજ ધો.૧ થી ૭ નાં વિદ્યાર્થી ભાઈબહેનોએ પ્રાર્થના, ધૂન, ભજન, ગાંધીજીના જીવન પર આધારિત રૂપકો ભજવી અને બે મિનિટનું મૌન પાળી પૂ.ગાંધીજીની પુણ્યતિથિનો કાર્યક્રમ રજૂ કર્યો.

**રાષ્ટ્રીય વિજ્ઞાન દિન :-** તા.૨૮-૨-૯૭ નાં રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિન નિમિત્તે ધોરણ ૫ નાં વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાનની કવીઝનો કાર્યક્રમ યોજાયો. જેમાં ૫ અ ની ડો.વિક્રમ સારાભાઈ ટીમ વિજેતા નીવડી.

જેસલમેર પ્રવાસ બાદ પ્રવાસ ડાયરીમાં ઈનામ મેળવનાર ભાઈબહેનોને નવભારત ટ્રાવેલ્સ તરફથી ઈનામો આપવામાં આવ્યાં. પ્રવાસમાંથી મળતાં શિક્ષણ માટે આ એક મહત્વનું પરિબળ છે.

હોળી ઉત્સવ :- તા.૨૨-૩-૯૭ ને શનિવારે ' હોળી ઉત્સવ ' ઉજવવામાં આવ્યો.

# વિનયમંદિર

**સ્વયંશિક્ષણદિન:-** તા.૨૧-૧-૯૭નાં રોજ ધો. ૮ , ૯ , ૧૦ ના વિદ્યાર્થીઓએ સ્વયંશિક્ષણદિન ઉજવ્યો, પોતે જ શિક્ષકની ભૂમિકા ભજવી આખો દિવસ શાળાનું શિક્ષણ કાર્ય સફળતા પૂર્વક સંભાળ્યું. વિદ્યાર્થીઓને આમાંથી ઘણા અનુભવોનું ભાથું મળે છે. તેમની શકિતનો પરિચય થાય છે. અને તેમનામાં આત્મવિશ્વાસ અને આત્મગૌરવ કેળવાય છે.

તા.૭-૨-૯૭ નાં રોજ ધોરણ ૧૧ નાં વિદ્યાર્થી ભાઈબહેનોએ સ્વયંશિક્ષણદિન ઉજવ્યો.

તા.૧૭-૨-૯૭ ને સોમવારે જાણીતા શિક્ષણશાસ્ત્રી શ્રી રવિન્દ્રભાઈ દવેએ બાળકોના ચારિત્ર્યનું ઘડતર થાય અને જીવનમાં પ્રેરણા મળે તેવું અસરકારક અને રસપ્રદ પ્રવચન આપ્યું. સ્વામી વિવેકાનંદને કેન્દ્રમાં રાખી અપાયેલું આ પ્રવચન ખૂબ માર્ગદર્શક હતું.

**પ્રવાસ :-** તા.૧૨-૨-૯૭ શ્રેણી ૮ માટે પ્રાંતીજ - ગળતેશ્વરનો પ્રવાસ તથા તા.૧૯-૨-૯૭ શ્રેણી ૯ માટે સપ્તેશ્વરનો પ્રવાસ , તા.૨૬,૨૭,૨૮ જાન્યુઆરીનાં રોજ શ્રેણી ૧૧ માટે પ્યુરોટનનો પ્રવાસ યોજાયો.

## આંતરગૃહ સ્પર્ધા

**શાસ્ત્રીયનૃત્ય સ્પર્ધા :** ૬-૨-૯૭

પ્રથમ : ચાંદની શાહ ( ચંદ્રમૌલિ )
દ્વિતીય : ઉર્વિ શાહ ( ગીતગોવિંદ )
વાચા શુક્લ ( પદ્મપુકુર )

વર્ષ દરમ્યાન થયેલી આતરગૃહ સ્પર્ધાઓમાં ગૃહોનો ક્રમ નીચે પ્રમાણે રહ્યો છે.

પ્રથમ : ગીતગોવિંદ
દ્વિતીય : ચંદ્રમૌલિ
તૃતીય : પદ્મપુકુર
ચતુર્થ : મેઘદૂત

ધોરણ - ૮ નાં વિદ્યાર્થીઓએ અંક બનાવ્યાં જેમાં પ્રથમ 'Origins of A.B.C.D. ' અને દ્વિતીય ' Anatomy ' આવ્યાં છે. વિદ્યાર્થીઓને ધન્યવાદ.

તા.૧૯-૩-૯૭ નાં રોજ ધોરણ ૭ અને ૮ નાં લગભગ પચાસેક વિદ્યાર્થી ભાઈબહેનો માટે વિધાનસભાની મુલાકાત યોજાઈ.

## અભિનંદન

**ચિત્ર :** યંગ એન્વોયઝ ઈન્ટરનેશનલ હૈદ્રાબાદ આયોજીત નેશનલ ચાઈલ્ડ આર્ટ પેનોરમા ૧૯૯૬ માં જીગર છપ્પન , હીરવા મયાત્રા , પ્રતીક જયેશકુમાર શાહ, મિલિન્દ પારેખ તથા પ્રતીક દિપકભાઈ શાહને ડિપ્લોમા ઓફ ડિસ્ટીન્કશનનાં સર્ટીફીકેટ મળ્યાં છે. જ્યારે શેમોલી મહેતાને ઉત્તમ પુરસ્કાર તથા જીનલ મહેતાને જ્યુરી ગીફટ મળ્યાં છે.

મૌલાના આઝાદ મેમોરીયલ કમિટી આયોજીત ચિત્રસ્પર્ધામાં વૃષાંકી દોશીએ છઠ્ઠું ઈનામ મેળવી ચંદ્રક પ્રાપ્ત કર્યો છે.

લલિત કલા પરિષદ વિશાખાપટ્ટનમ્ આયોજીત ચિત્રસ્પર્ધામાં આત્મન ફોજદાર તથા અર્પણ સોપારકરને સુવર્ણચંદ્રક , નીલ શાહ તથા ચિનાર શાહને પ્રશંસા પત્ર તથા પ્રાઈઝ , તાલીમના શીલ શાહને મેરીટ ઈનામ , તથા બંદીશ સોપારકરને કમાન્ડેડ પ્રાઈઝ મળ્યાં છે.

જલતરંગ કલબમાં અમદાવાદ ટ્રાફીક પોલીસ તરફથી યોજાયેલ તત્કાળ ચિત્ર સ્પર્ધામાં શેમોલી મહેતાને ત્રીજું ઈનામ મળ્યું છે. મોનીલ દલાલ તથા કૃપા વ્યાસને આશ્વાસન ઈનામ મળ્યા છે.

સાહસ નેચર લવીંગ વાઈલ્ડરનેસ એક્સપ્લોરર્સ તરફથી યોજાયેલ ચિત્રસ્પર્ધામાં આત્મન ફોજદાર તથા પ્રતીક શાહને બીજું ઈનામ મળ્યું છે.

ચિ. નિધિ શુક્લને વિઝન આયોજીત વેકેશન ૯૬ ની ચિત્ર સ્પર્ધામાં પ્રથમ તથા કેડીલાની zydus group આયોજીત ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ઈનામ મળેલ છે.

ભારતીય જીવન વિમા યોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.વૃષાંકી દોશીને મેરીટ સર્ટીફીકેટ મળ્યું છે.

અખિલ ગુજરાત ચિલ્ડ્રન આર્ટ કોમ્પીટીશન ( ગાંધીનગર ) આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.મુંજાલ લાખિયા તથા શાશ્વત ઠાકોરને પુરસ્કાર, ચિ. હેત પટેલને જ્ઞાનગંગા એવોર્ડ અને ચિ. દક્ષ દેસાઈને પ્રોત્સાહન પુરસ્કાર તથા તાલીમના હર્ષિલ છપ્પનને 'જ્ઞાનગંગા ' એવોર્ડ મળ્યાં છે.

**મહેંદી :** ધી અમદાવાદ મિલિટરી એન્ડ રાયફલ ટ્રેનીંગ એસોસીયેશન આયોજીત મહેંદી સ્પર્ધામાં અમી ખડખડને બીજું ઈનામ મળ્યું છે.

**ગરબા :** સીલ્વર ઓક હેરીટેજ કલબ આયોજીત ગરબા મહોત્સવમાં જીનલ મહેતાને પ્રથમ ઈનામ મળ્યું છે. અને ' Best kid of the day ' નું બિરુદ પ્રાપ્ત થયું છે.

કું નિધિ શુક્લને ' વિઝન ' આયોજીત વેકેશન ૯૬ ના ફેન્સીડ્રેસ કોમ્પીટીશનમાં પ્રથમ ઈનામ મળ્યું છે.

**દોડ :** ઓરીએન્ટ કલબ આયોજીત દોડ સ્પર્ધામાં હર્ષિલ છપ્પનને બીજું ઈનામ મળ્યું છે.

## ચેસ :-

ગુજરાત ચેસ એકેડમી આયોજીત ચેસ ટુર્નામેન્ટમાં જીલેશ ગાંધીને બીજું ઈનામ મળ્યું છે.

ગુજરાત સ્ટેટ ચેસ એસોસીયેશન તરફથી યોજાયેલ ચેસ ટુર્નામેન્ટમાં અનૂરી શાહને ૧૩-૧૦-૯૬ નાં રોજ પાંચમું અને ૮-૧૨-૯૬ નાં રોજ પ્રથમ ઈનામ મળ્યું છે. બોમ્બે ચેસ એસોસીયેશન આયોજીત ચેસ ટુર્નામેન્ટમાં પણ બેન અનૂરીએ ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું છે. મુબાઈ ખાતે યોજાયેલ અખિલ ભારતીય ચેસ સ્પર્ધામાં અનૂરીએ ગુજરાતનું પ્રતિનિધિત્વ સંભાળ્યું હતું. ગુજરાતની ટીમમાં તે પ્રથમ રહી હતી.

## કરાટે :

અર્જુન સ્કુલ ઓફ માર્શલ આર્ટસ-ઈન્ડીયા તરફથી ચિ. આકાશ પારેખ, ચિ. શૈલ શાહ, ચિ. હાર્દ શાહને યલો બેલ્ટ ચિ. આકાશ પારેખ તથા શૈલ શાહને વ્હાઈટ બેલ્ટ -I ,ચિ. શૈલ શાહ,ચિ.રોનક શાહ તથા ચિ.આકાશ પારેખને વ્હાઈટ બેલ્ટ -II મળ્યા છે.

ગુજરાત રાજ્ય ટેકવેન્ડો એસોસીયેશન આયોજીત રાજ્યકક્ષાની ચેમ્પીયનશીપમાં ચિ. કાર્તિક જેટલીને જુનિયર ડિવીઝનમાં સુવર્ણચંદ્રક મળ્યો છે.

ગુજરાત સ્ટેટ લેવલ 4th ટેકવેન્ડો ચેમ્પીયનશીપમાં જય મહેતા અને નિધિ શાહને કાંસ્યચંદ્રક તથા મોહિત દલાલને સુવર્ણચંદ્રક મળ્યાં છે.

**રામાનુજન ગણિત સ્પર્ધા :-** ગુજરાત યુનિવર્સિટી યોજીત ઉપર્યુકત સ્પર્ધામાં ચિ.કલગી શાહને પ્રાથમિક કક્ષાએ ત્રીજું અને રાજ્યકક્ષાએ ચોથું ઈનામ મળ્યું છે.ચિ. અનુજ શાહ રાજ્યકક્ષાએ બીજા આવ્યા છે.

ગુજરાત યુનિવર્સિટી અને હરિ ૐ આશ્રમ પ્રેરિત આર્યભટ્ટ વિજ્ઞાન સ્પર્ધામાં ચિ.અનુજ શાહ રાજ્યકક્ષાએ પ્રથમ આવ્યા છે.

**વકતૃત્વ :-** The Experiment in International Living આયોજીત આંતરસ્કુલ વકતૃત્વ સ્પર્ધામાં ચિ.સ્તુતિ વસાવડાને પ્રથમ તથા ચિ. હરીતા શાહને દ્વિતીય ઈનામ મળ્યા છે.

સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.

## ગણવેશ :

નવા સત્રમાં ગણવેશમાં સફેદ મોજાં અને કેનવાસના શાળાએ નક્કી કર્યા મુજબનાં બુટ અનિવાર્ય છે. ઉપરાંત ગણવેશ અઠવાડિયાના બધાં જ દિવસ માટે જરૂરી છે. ગણવેશમકિત હવે બધા જ વિભાગમાં બંધ કરવામાં આવી છે. બુટ,મોજાં અને ગણવેશ માટેનું કાપડ શાળાનાં સહકારી સ્ટોર્સમાં તા. ૨૧મી એપ્રિલથી સવારે ૯ થી ૧૧ માં પણ મળી શકશે.

## સંગીત વર્ગ :

સંસ્થામાં ચાલતાં સંગીતવર્ગનું પરિણામ ૧૦૦ % આવ્યું છે ને મોટાભાગના વિદ્યાર્થીઓ પ્રથમ શ્રેણીમાં પાસ થયાં છે.

## નૃત્ય વર્ગ :

સંસ્થામાં ચાલતાં નૃત્યવર્ગમાં હવે વિદ્યાર્થિનીઓ 'આરંગેત્રમ ' કક્ષા સુધી પહોંચવા લાગી છે.

## શ્રધ્ધાંજલિ :

સંસ્થાના ભૂતપૂર્વ ચિત્ર શિક્ષક શ્રી ઈંદ્રજીતભાઈ પુરાણીના અકાળ અવસાનની નોંધ લેતા દુઃખની લાગણી અનુભવું છું. ઈશ્વર સદ્દગતનાં આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

તંત્રી ,મુદ્રક,પ્રકાશક: દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.